ટૉરોન્ટો કમ્યૂનિટિ
હાઉ િંગ કૉર્પોરેશન
931 યંગ સ્ટ્રીટ
ટૉરોન્ટો, ON M4W 2H2

ઑગસ્ટ 3, 2021

પ્રિય TCHC ભાડૂત,

હું ટૉરોન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગમાં પ્રમુખ અને મુખ્ય કાર્યપાલક અધિકારી તરીકે જોડાવવા બદલ ઉત્સાહિત થવાની અને આનંદિત હોવાની લાગણી ધરાવું છું. કંપની જે રીતે તેનાં ભાડૂતોને સેવા આપે છે એમાં પરિવર્તનો લાવવાનું કામ સારી રીતે આગળ ધપી રહ્યું છે, અને હું કંપનીની આ ચાલી રહેલી પ્રગતિમાં તેમજ અન્ય ક્ષેત્રોમાં આગેવાની કરવા માંગુ છું.

આવનારા સપ્તાહોમાં મારી અગ્રતા સાંભળવાની અને શીખવાની બાબતોમાં રહેશે. હું TCHCની ઈમારતોમાં, કાર્યાલયોમાં તેમજ નવા ભાડૂતી સેવાકીય કેન્દ્રોમાં મારો સમય ફાળવીશ કે જેથી કરીને હું આપણી કામગીરીઓને પ્રત્યક્ષ જોઈ શકવા ઉપરાંત ભાડૂતો અને કર્મચારીઓને મળી શકું. હું તમારા અનુભવો વિશે, તેમજ તમારા માટે શ ંમહત્ત્વપૂર્ણ છે, એ સાંભળવા ઈચ્છું છું અને જે અથાગ પરિશ્રમ પહેલાં ખેડવામાં આવી ચૂક્યો છે તેને આધાર બનાવી અને વધુ વિકાસ કરવા માટેની તકો ઊભી કરવા માંગુ છું.

કૅનેડાનાં સૌથી મોટા સામાજિક આવાસ પ્રદાતાનાં સી.ઈ.ઓ.નાં રૂપમાં મારા શિરે જે જવાબદારી સોંપાઈ છે તેની મારા મન પર ઊંડી અસર પહોંચી છે, વિશેષ કરીને એવા સમયગાળા દરમિયાન કે જ્યારે આપણે COVID-19નાં વિશ્વવ્યાપી રોગચાળાના ભરડામાંથી બહાર આવવાની શરૂઆત કરી રહ્યાં છીએ. આપણું જીવનલક્ષ્ય ક્યારેય જોઈએ તેટલું સ્પષ્ટ બની શક્યું નથી, આપણી પાસે આપણને માર્ગદર્શન આપે એવી સંગીન વ્યૂહરચના છે તેમજ આપણને આગળ દોરવીને સફળતાનાં સોપાન સર કરાવનારા ભાડૂતો, કર્મચારીઓ અને ભાગીદારોની પ્રતિબદ્ધતા અને ઉત્કટ ભાવના છે.

હું મારી નવી ભૂમિકા શરૂ કરવા બાબતે અત્યંત ઉત્સાહિત છું તેમજ આપ સૌની સેવા કરવા આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યો છું.

અંતઃકરણપૂર્વક,

જગ શર્મા
પ્રમુખ અને મુખ્ય કાર્યપાલક અધિકારી
ટૉરોન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ